# ધોરણ-૧-૨માં ‘ભાર વિનાના ભણતર’ના અભિગમ સાથે નવી નીતિ અમલી બનશે

## એપ્રિલમાં એન.સી.આર.ટી.ના અભ્યાસક્રમોની શિક્ષકોને ખાસ તાલિમ આપવાનું તંત્રનું આયોજન

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં આગામી શૈક્ષણિક સત્રથી શિક્ષણ પ્રથામાં આમૂલ પરિવર્તન આવી રહ્યુ છે. રાજ્ય સરકારે એનસીઆરટીની પેટર્ન અભ્યાસક્રમમાં દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવી નીતિને કારણે હવે ધો. ૧ અને ૨માં એનસીઆરટી મુજબ પ્રજ્ઞા વર્ગ આધારિત શિક્ષણ પ્રથા અમલી બનશે. જેમાં બાળકોના કૌશલ્યવર્ધન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

આ ઉપરાંત ધો. ૩ થી ૫ માં ભાષા અને ગણિત વિષયના નવા પાઠયપુસ્તકો આવશે. જ્યારે ધો. ૬ થી ૮માં ગણિત અને વિજ્ઞાન વિષયના નવા પાઠ્યપુસ્તકો અમલી બનશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ નવા અભ્યાસક્રમોને લઈ પાઠ્યપુસ્તકો તૈયાર કરી દેવામાં આવ્યા છે.

હવે એપ્રિલના પ્રથમ પખવાડિયામાં ધો. ૧ થી ૨ના શિક્ષકોને તાલિમબદ્ધ કરવાની દિશામાં આયોજન ચાલી રહ્યુ છે. જે એકાદ-બે દિવસમાં આખરી થઈ જશે.

આ પછી એપ્રિલના બીજા પખવાડિયામાં ધો. ૩ થી ૮ના શિક્ષકોને તાલિમબદ્ધ કરી દેવામાં આવશે. ૧લી મે થી શાળાઓમાં વેકેશન શરૂ થઈ રહ્યુ છે અને વેકેશન પહેલાં જ તાલિમના વર્ગો પણ સંપન્ન કરી દેવાશે. શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ભાર વગરના ભણતરની દિશામાં આ મહત્વનું પગલુ છે. ધો. ૧ અને ૨ ના બાળકોને નવી નીતિના અમલથી સારો એવો ફાયદો થશે એટલુ જ નહિ શાળાએ જવુ તેવી રૂચિમાં પણ વધારો જોવા મળશે તેવો વિશ્વાસ આ સૂત્રોએ વ્યક્ત કર્યો છે.



રંગ પર્વ - પાટનગરનું નવુ પિકનીક ડેસ્ટીનેશન એટલે સંતસરોવર... વેલેન્ટાઈન-ડે હોય કે હોળી-ધૂળેટીનું રંગ પર્વ હોય, યુવાનો મોટી સંખ્યામાં ઉજવણી માટે સંતસરોવરના કિનારે પહોંચી જાય છે... ધૂળેટીના પર્વે આખો દિવસ સેંકડોની સંખ્યામાં ગાંધીનગર - અમદાવાદના યુવક-યુવતીઓ સહિત સૌ કોઈ રંગ અને પાણીની મજા માણી હતી... જોકે સંતસરોવરમાં હજુ ઘણી કાળજી રાખવાની જરૂરીયાત છે... ધૂળેટીના દિવસે ડૂબી જવાથી એકના મૃત્યુના સમાચારે સાવધાનીના સંકેત આપ્યા છે...

# હરાજીમાં ફોર વ્હીલરમાં ૯૯૯ નંબર માટે ૨.૬૨ લાખ ચુકવાયા

## ૯૯૯૯ નંબર ૨.૧૪ લાખમાં અપાયો : આર ટી ઓ કચેરીમાં ઇ-ઓકશન દરમિયાન જુના બાકી નંબરોની ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીમાં હરાજી કરાઇ

ગાંધીનગર તા ૩

વાહનોમાં પસંદગીનો નંબર મેળવવા માટે આર ટી ઓ કચેરી દ્વારા ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જેમાં ફોર વ્હીલરમાં પસંદગીનો નંબર મેળવવા માટે હાથ ધરાયેલી પ્રક્રીયા દરમિયાન ૯૯૯ નંબર માટે રૂ ૨.૬૨ લાખ ચુકવાયા હતા. ફોર વ્હીલરની બી જે સિરીઝના ૯૯૯૯ નંબર માટે પણ ૨.૧૪ લાખ ચુકવાયા હતા.

આર ટી ઓમાં વાહનોમાં પસંદગીના નંબરો મેળવવા માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જયારે છેલ્લા ઘણાં સમયથી હરાજીની

● અનુસંધાન પાન-૭ પર

# પોરના પ્રાથમિક-જાહેર સુવિધાના કામો માટે ખાસ રોડમેપ તૈયાર કરવા કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા. ૩

પોર ગામમાં ગટરની સુવિધા પૂર્ણ રીતે વિકાસ પામેલી ના હોવાથી ગટરના પાણી ઉભરાઈ રહ્યાની અને તંત્ર દ્વારા આદર્શ ગામ બનાવવામાં ઉદાસીન વલણ રાખવામાં આવતુ હોવાની ફરિયાદો ગ્રામજનોએ સાંસદ આદર્શ ગ્રામની સમીક્ષા બેઠક દરમ્યાન કરી હતી.

અમદાવાદના સાંસદ ડૉ. કીરીટ સોલંકીના અધ્યક્ષપદે સાંસદ આદર્શ ગામના હાથ ધરાયેલા અને હાથ ધરાનારા વિકાસ કામોની સમીક્ષા માટે અમદાવાદ સરકીટ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં આ ગામ ખાતે પોર પ્રા. શાળાનું નવિન બાંધકામ કરવાની દરખાસ્તનો સ્વીકાર થઈ ગયો છે તો આ માસના અંત સુધીમાં ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજવા અંગે પણ તંત્રને કલેક્ટરે તાકીદ કરી હતી.

ગામના રસ્તાઓનું નેટવર્ક સુધારણાનું કામ ઝડપથી હાથ ધરાય તે માટે પણ કલેક્ટરે તાકીદ કરી હતી. ત્રણ જેટલા માર્ગોની સુધારણાનું કામ છેલ્લા ઘણા સમયથી પડતર હોવાનું ગ્રામજનોએ જણાવ્યુ હતુ.

આ બેઠકમાં ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક અને જાહેર સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા તેમજ તે અંગેનો રોડમેપ તૈયાર કરવા માટે જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭

# રેલવે સ્ટેશનને અનુલક્ષી અન્ડર બ્રિજના નિર્માણ માટે સર્વે હાથ ધરાયો

ગાંધીનગર તા ૩

શહેરના ક અને ખ માર્ગ પર રેલવે સ્ટેશનને અનુલક્ષી અન્ડર બ્રિજ બનાવાનુ કામ હાથ ધરાશે. આ પ્રોજેકટ અન્વયે હાલ સર્વે કરવામાં આવી રહયો છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે અન્ડર બ્રિજનુ કામ પુર્ણ કરી દેવાશે. આ અન્ડર બ્રિજના નિર્માણ બાદ ટ્રાફિકની સમસ્યા પણ હલ થશે. જયારે રેલવે સ્ટેશન વિસ્તારમાં જવા માટે પણ સરળતા રહેશે.

શહેરના એક ખુણે સ્થિત રેલવે સ્ટેશન વિસ્તારની રોનક બદલવા જઈ રહી છે. સ્ટેશન વિસ્તારમાં કરોડોના ખર્ચે હોટલનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. વાઈબ્રન્ટ સમિટમાં આવનારા દેશ દુનિયાના મહાનુભાવો આ હોટલમાં રોકાણ કરશે. જયારે હોટલના નિર્માણની સાથે સ્ટેશનના વિકાસ માટે પણ વિવિધ કામો હાથ ધરાશે. જયારે આ હોટલની સાથે આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવરને સરળ બનાવવા માટે અત્યારથી જ રોડ નેટવર્કને અપગ્રેડ કરવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. જેમાં સ્ટેશન વિસ્તારને અનુલક્ષી ક અને ખ માર્ગ પર અન્ડર બ્રિજ બનાવવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. સ્ટેશન વિસ્તારમાં અવરજવર કરવા માટે તેમજ હોટલમાં જવા માટે આ બ્રિજ મહત્વનો બની રહેશે. આ અન્ડર બ્રિજ માટે સર્વે હાથ ધરવામાં આવી રહયો છે. જયારે સર્વેની કામગીરી પુર્ણ થયા બાદ જી એ ડી અને રેલવે દ્વારા આખરી આયોજન કરાયા બાદ બ્રિજ નિર્માણનુ કામ હાથ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરાશે. અન્ડર બ્રિજના નિર્માણ પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

રેલવે સ્ટેશન વિસ્તાર હોટલ તેમજ વાવોલ તરફ જવા માટે મહાત્મા મંદિર ડીસ્ટર્બ ન થાય તે મુજબ બ્રિજ નિર્માણનુ આયોજન કરવામાં આવી રહયુ છે. જો કે બ્રિજની કામગીરીને અનુલક્ષીને હાલ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. હજુ બ્રિજ નિર્માણનુ કામ હાથ ધરતા એક મહીનાથી પણ વધુ સમય લાગે તેમ છે.

# બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રનુ સીલ બે પરીક્ષાર્થીઓની સહી લઈને ખોલાશે

## તૈયારીઓ શરૂ : બેઠકમાં મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરાઇ

ગાંધીનગર તા ૩

આગામી દિવસોમાં ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયુ હોવાથી વિદ્યાર્થીઓ હાલ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા પણ આજે પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન પરીક્ષાના પ્રશ્નપત્રનુ સીલ હવેથી બે પરીક્ષાર્થીઓની સહી લઇને તોડવામાં આવશે તેવો નિર્ણય પણ લેવાયો હતો. સી સી ટી વી કેમેરા ન હોય તેવા ઠેકાણે ટેબલેટની સુવિધા પુરી પાડવામાં આવશે.

આગામી તા ૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. જયારે પરીક્ષાને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આજે જિલ્લા કેલકટરની અધ્યક્ષતામાં પરીક્ષાને અનુલક્ષી સમિતિની બેઠક મળી હતી. જેમાં પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓને જરૂરી વ્યવસ્થા પુરી પાડવા ઉપરાંત સફળ આયોજનને ધ્યાને લઇ વિવિધ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવાયા હતા. ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ બોર્ડ તેમજ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયુ હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જયારે શિક્ષણતંત્ર પણ પરીક્ષાની તૈયારીમાં છે. આજે પરીક્ષાના આયોજનને અનુલક્ષી પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. જિલ્લા કલેકટર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી સહીતના અધિકારીઓની હાજરીમાં પરીક્ષા લક્ષી મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત નવા નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા. આગામી બોર્ડ પરીક્ષા દરમિયાન વર્ગખંડમાં પરીક્ષાર્થીઓની હાજરીમાં પ્રશ્નપત્રનુ પેપર ખોલવામાં આવશે.

જયારે આ દરમિયાન બે પરીક્ષાર્થીઓની સહી પણ લેવાનો નિર્ણય કરાયો છે. આ દરમિયાન પ્રશ્નપેપરનુ પેકેટ સીલબંધ હતુ કે કેમ તે અંગે પણ જરૂરી ખરાઇ કરવામાં આવશે. જયારે પ્રત્યેક પરીક્ષા ખંડમાં સી સી ટી વી કેમેરા છે કે કેમ તે અંગે પણ જરૂરી તપાસ કરી જયાં ન હોય તેવા ઠેકાણે ટેબલેટની વ્યવસ્થા કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. શહેરની બે પ્રાથમિક શાળાઓમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બેઠક દરમિયાન પરીક્ષાનુ આયોજન શાંતિપુર્ણ માહોલમાં થાય તે માટે જરૂરી પરિબળો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# ત્રિપુરાની જીતને વધાવતુ ભાજપ

અમદાવાદ, તા.૩

આજ રોજ કર્ણાવતી મહાનગર શહેર સંગઠન દ્વારા ભાજપા ખાનપુર કાર્યાલય ખાતે પૂર્વોત્તર રાજ્યોમાં આવેલા ચૂંટણીના પરિણામોમાં પ્રજાના આશીર્વાદ ભાજપની વિકાસની રાજનીતિને પુનઃ પ્રાપ્ત થયા છે અને પ્રજાએ ફરી એકવાર લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સૌનો સાથ સૌનો વિકાસની રાજનીતિને આવકારી છે અને કર્ણાવતી મહાનગર શહેર સંગઠને ભાજપની ભવ્ય ઐતિહાસિક જીત બદલ વિજયોત્સવ મનાવીને પૂર્વોત્તર રાજ્યની પ્રજાનો આભાર પ્રગટ કર્યો હતો. પ્રદેશ મંત્રી અમિત ઠાકરે જણાવ્યું હતું કે, દેશના ૬૭.૫૫ ટકા ભાગમાં સમર્થિત સરકાર છે. સામ્યવાદીના કુશાસનથી કરેલ અને ત્રિપુરાની પ્રજા ત્રસ્ત છે પ્રજાને શાંતિ સલામતી, સ્થિરતા અને વિકાસનું શાસન જોઈએ છે જે ભાજપા જ આપી શકે તેવું દેશની પ્રજાએ સ્વીકાર્યું છે પરિણામે સામ્યવાદીના ગઢમાં પણ ભાજપના વિકાસનું કમળ ખીલ્યું છે.


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **ઈન્દુભાઈ રતિલાલ પટેલ**નું દુઃખદ અવસાન તા. ૧-૩-૨૦૧૮ ગુરુવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૪-૩-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે રાખેલ છે.

સ્થળ: શ્રી તિરૂપતિ બાલાજી મંદિર હોલ, સે.૧૬ શોપીંગ સેન્ટર પાસે, ગાંધીનગર

લિ.
મોન્ટુ ઈન્દુભાઈ પટેલ (૯૮૨૪૪૩૪૨૯૦)
ચિરાગ ઈન્દુભાઈ પટેલ (Dy.SP)
પંકજ વિનુભાઈ પટેલ
સ્વ. બચુભાઈ રતિલાલ પટેલ
વિનુભાઈ રતિલાલ પટેલ
રજનીભાઈ રતિલાલ પટેલ

**દ્વિતિય પુણ્યતિથિએ ભાવાંજલિ**



**સ્વ. યશવંતરાય બી. ભટ્ટ**
સ્વર્ગવાસ તા. ૩/૩/૨૦૧૬

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી.
હર હંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
આપના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન...

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ

**સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની દસમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



તમે એક પલમાં જીંદગીનું સંભારણું બની ચાલ્યા ગયા, જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા. જીવ્યા થોડુ પણ જીતી ગયા ઘણું, હસીને હસાવનાર રડાવી ચાલ્યા ગયા. પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
(રીટાયર્ડ Dy.S.P.)
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com